# ૨૦. મહાભારત અને જૈન આગમ

આમ તો મહાભારત બ્રાહ્મણપરંપરાનો ગ્રંથ છે અને જૈન આગમો જૈન પરંપરાના છે. એ બે વચ્ચે હોય તો વિરોધ જ હોય; કશી સમાનતા કે સગાઈ તો ન જ હોય એવી સાધારણ માન્યતા છે. શ્રમણ અને બ્રાહ્મણ વચ્ચે પાછલા કેટલાક સમયથી મેળ નથી, બલ્કે વિરોધ છે એવું તે તે શાસ્ત્રો દ્વારા પણ લોકો જાણે છે. જેમનું નિત્યવેર હોય એવા સમાસના પ્રયોગોના દાખલામાં 'श्रमणब्राह्मणम्' એવું એક ઉદાહરણ ઘણા સમયથી બન્ને પરંપરાના વ્યાકરણગ્રંથમાં ચાલ્યું આવે છે અને 'જોગી-જતિને વેર, વેર સતી-વેશ્યાને' એવી શામળ ભટ્ટની લોકોક્તિ પણ એ જ વેરની સમર્થક છે.

આ હકીકત ખોટી નથી; પણ માત્ર એક જ આંખે અને તે પણ માત્ર ભેદ કે વિરોધ શોધવાની દૃષ્ટિએ જોવાથી ઊભી થયેલી છે. સમભાવે અને એકબીજાની સગાઈ શોધવાની દૃષ્ટિએ બીજી આંખે પણ જોઈએ, તો બ્રાહ્મણ અને શ્રમણ વચ્ચે જેટલો ઘનિષ્ઠ સંબંધ છે તેટલો બીજાઓ વિશે દેખાતો નથી. બે સગા ભાઈઓ હોય છતાં જો દોષદૃષ્ટિથી જ એકબીજાને જોતા હોય તો તેમાં પણ દ્વેષ કે વેર સિવાય બીજો કોઈ ભાવ દેખાશે નહીં, અને જો ગુણદૃષ્ટિએ અને સમાધાનભાવે જોઈશું તો ગમે તે બે તદ્દન જુદા જુદા લાગતા મનુષ્યોમાં પણ ભારે સંગતતા અને ઘનિષ્ઠતા માલૂમ પડે છે, તો પછી બે સગા ભાઈની તો વાત જ શી ? સમાજનું ધારણપોષણ અને સત્ત્વસંરક્ષણ કરવું હોય, પ્રજામાં સદ્ભાવ અને પ્રેમ વધારવા હોય તો જુદાઈમાં તો શું, વિરોધમાં પણ સંગતિ જોવાની દૃષ્ટિ કેળવવાની જરૂર છે. તેમ કર્યા સિવાય વ્યક્તિ અને સમાજ બંનેને હાનિ છે. કેવળ ભેદ કે વિરોધદૃષ્ટિથી જ જોવાની ટેવ પાડીએ તો કદાચ એકલી વ્યક્તિને થોડો-ઘણો ફાયદો થાય, પણ તે ફાયદાના મૂળમાં સંતાપ અને ક્લેશ સિવાય બીજું કશું જ દેખાશે નહીં. માટે સમાજના અને વ્યક્તિના હિતવાંછુએ પ્રધાનપણે સમાધાનની દૃષ્ટિ કેળવવાની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિશેષ જરૂર છે. તે રીતે ભિન્ન ભિન્ન મતોને, જુદા જુદા અભિપ્રાયોને, ભિન્ન ભિન્ન ગ્રંથોને તથા વિધવિધ સંપ્રદાયોને જોવાથી એ બધામાં વિશેષ સંગતતા, ઘણી ઘનિષ્ઠતા અને જાણે કે એ બધા એક જ હોય એમ આપણે પ્રામાણિકપણે જોઈ શકીશું.

બ્રાહ્મણગ્રંથકારોએ વેદબાહ્ય લોકોને નિંદ્યા છે, જૈન ગ્રંથકારોએ મહાભારત વગેરે મહાગ્રંથોને મિથ્યા ગ્રંથો કહીને વગોવ્યા છે. પણ તેમાં કેવળ એમણે એક જ આંખનો ઉપયોગ કરેલો અને કેવળ સંકુચિત સાંપ્રદાયિક દૃષ્ટિને જ કેળવેલી. પણ હવે આપણે ગમે તે ધર્મના, ગમે તે ભાષાના, ગમે તે ધંધાના વા ગમે તે કુળ યા ગોત્રના હોઈએ તો પણ એક જ છીએ, એક જ રહેવાના અને આપણી ભાવી પ્રજાને પણ એજ એક સંદેશો તેમના વારસામાં આપી જવાના. આ એક ઉદ્દેશ વા દૃષ્ટિને ધ્યાનમાં રાખીને નીચે મહાભારતની સાથે જૈન આગમ ઉત્તરાધ્યયનસૂત્રની તુલનાત્મક રીતે વિવેચના કરવામાં આવી છે. વિવેચનામાં કલ્પના નથી, પણ નક્કર સત્ય છે.

વાત એમ છે કે ઘણા જૂના સમયમાં બ્રાહ્મણ-પરંપરા કર્મકાંડપ્રધાન હતી, એટલે કે યજ્ઞો કરવા; પછી ભલે તેમાં નરબલિ કે પશુબલિ ચડાવવામાં આવતો હોય. એવા યજ્ઞો સ્વર્ગમાં પહોંચાડનારા છે એમ પણ વેદોને નામે કહેવામાં આવતું.'सौत्रामण्यां सुरापानम्' એટલે સૌત્રામણિ યજ્ઞમાં સુરાનું પાન કરવું એમ કહીને પશુહિંસાની સાથે મદ્યપાનને પણ વેદોને નામે ટેકો આપવામાં આવતો.

આ રીતે વેદોને નામે એક કાળે ઘણા અનાચારોને પોષણ મળેલું. આ પરિસ્થિતિથી ઘણા બ્રાહ્મણો પણ અકળાયેલા અને એ અકળામણમાંથી જ ઉપનિષદો જન્મ્યાં છે. માઠર જેવા બ્રાહ્મણ પરંપરાના પુરસ્કર્તાએ તો એમ પણ કહેલું છે, કે "वृक्षान् छित्वा पशुन् हत्वा कृत्वा रुधिरकर्दमम् । पराश्रय गम्यते स्वर्गः नरकः केन गम्यते' (માઠરવૃત્તિ, પાનું; આઠમું, ચૌખંબા ગ્રંથમાળા) અર્થાત્ જો યજ્ઞમાં પશુઓને મારીને સ્વર્ગમાં જઈ શકાય તો પછી નરકમાં જવાનો બીજો કયો માર્ગ છે ? અથવા આવા હિંસકો સ્વર્ગમાં જાય તો પછી નરકમાં કોણ જાય ? ગીતાના સમર્થક પુરુષોત્તમ શ્રીકૃષ્ણે પણ એવા હિંસાપ્રધાન વેદો તરફ તાકવાની પોતાના સખા અર્જુનને સાફ ના પાડેલી, અને એ રીતે એમણે પણ અહિંસા અને સંયમનું જ સમર્થન કરેલું છે. ગીતાજીમાં શ્રીકૃષ્ણે જે વચનો વેદો વિશે કાઢેલાં છે તે આ પ્રમાણે છે :

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"यामिमां पुष्पितां वाचं प्रवदन्त्यविपश्चितः ।
वेदवादरताः पार्थ नान्यदस्तीति वादिनः ॥८२॥
कामात्मानः स्वर्गपरा जन्मकर्मफलप्रदाम् ।
क्रियाविशेषबहुलां भोगैश्वर्यगतिं प्रति ॥८३॥
भोगैश्वर्यप्रसक्तानां तयाऽपहृतचेतसाम् ।
व्यवसायात्मिका बुद्धिः समाधौ न विधीयते ॥८४॥
त्रैगुण्यविषया वेदा निस्त्रैगुण्यो भवार्जुन ।
निर्द्वन्द्वो नित्यसत्त्वस्थो निर्योगक्षेम आत्मवान् ॥८५॥"

શ્રી ગીતાજીના બીજા અધ્યાયમાં આ ચાર શ્લોકો આપેલા છે. એ શ્લોકો જ બતાવી આપે છે કે ગીતાજીના સમયમાં વેદોનો કેવો અનુચિત ઉપયોગ પુરોહિતો કરતા હતા. શ્રીકૃષ્ણ પોતે વેદનો આ જાતનો દુરુપયોગ જોઈને જ પોતાના સખા અર્જુનને વેદવાદ તરફ જોવાની સાફસાફ ના પાડે છે.

આ ઉપરાંત 'अपुत्रस्य गतिर्नास्ति' અર્થાત્ 'અપુત્રિયાની સદ્ગતિ થતી નથી' એવો વેદવાદ છે. વેદોનું અધ્યયન કરવું, પ્રજા પેદા કરવી, બ્રાહ્મણોને જમાડવા વગેરે પણ વેદવાદ છે. કર્મકાંડપ્રધાન પરંપરાનું રહસ્ય નથી સમજવામાં આવતું, ત્યારે જે અનર્થો થાય તે બધા એ પરંપરામાં થાય એ સ્વાભાવિક છે.

એક પુરોહિત બ્રાહ્મણ એ કર્મકાંડપ્રધાન પરંપરાનો અનુગામી છે, ત્યારે એનો પુત્ર એ પરંપરાથી જુદો પડે છે અને અહિંસા-સંયમપ્રધાન પરંપરાને અનુસરવા તત્પર થાય છે. એવા એ બન્ને પિતાપુત્રનો સંવાદ મહાભારતમાં આપેલો છે અને એવો જ સંવાદ જૈન આગમ ઉત્તરાધ્યયનમાં પણ આપેલ છે. આ નીચે એ બન્ને સંવાદોનો અનુવાદ આપું છું અને પછી એ બન્નેનાં મૂળ પદ્યો પણ ટાંકી બતાવું છું, જેથી વાંચનાર જોઈ શકશે કે તે બન્નેના અનુવાદમાં કેટલી બધી સમાનતા છે, એટલું જ નહીં, પણ પદ્યોમાં પણ કેટલી બધી અક્ષરશઃ પણ સમાનતા જળવાયેલી છે.

મહાભારત[1]માં બારમું શાંતિપર્વ છે. તેના પેટામાં ત્રીજું મોક્ષધર્મપર્વ છે. તેમાં સળંગ ચાલ્યા આવતા ૧૭૫મા અધ્યાયમાં રાજા યુધિષ્ઠિર અને ભીષ્મપિતામહ વચ્ચેનો સંવાદ છે.

---

૧. અહીં વાપરેલું મહાભારત પૂનાની આવૃત્તિ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શરૂઆત 'युधिष्ठिर उवाच' અર્થાત્ 'યુધિષ્ઠિર બોલ્યા' એમ કરીને થાય છે.

"તમામ પ્રાણીઓના ક્ષયને કરનારો આ કાળ ચાલ્યો જાય છે. તો હે પિતામહ ! તમે મને કહો કે અમે શ્રેયસ્ તરીકે શું સ્વીકારીએ ?" ૧

પછી ભીષ્મપિતામહ બોલ્યા :

"આ સ્થળે પણ હે રાજા યુધિષ્ઠિર ! પિતાપુત્ર વચ્ચે એક સંવાદ પુરાતન ઇતિહાસરૂપ થયેલ છે, તેને જ ઉદાહરણરૂપે કહેવામાં આવે છે, તે તું જાણ અર્થાત્ તારા પ્રશ્નનો જવાબ એ સંવાદમાંથી જડી જશે. ૨

"હે પૃથાના-કુંતીના પુત્ર રાજા યુધિષ્ઠિર ! સ્વાધ્યાય પરાયણ કોઈ બ્રાહ્મણનો મેધાવી નામે બુદ્ધિશાળી પુત્ર જન્મ્યો હતો. ૩

"મોક્ષ અને ધર્મની સમજમાં કુશળ તથા સમગ્ર લોકતત્ત્વ જાણનારા તે મેધાવીએ સ્વાધ્યાય કરવામાં તત્પર એવા તે પોતાના પિતાને કહ્યું : ૪

'હે પિતાજી ! માનવોનું આયુષ્ય ઝપાટાબંધ ચાલ્યું જાય છે, તો સમજદાર ધીરપુરુષે પોતાના શ્રેય માટે શું કરવું ઘટે ? પિતાજી ! તમે મને અનુક્રમે યથાર્થ હકીકત કહો, જેથી હું ધર્મનું આચરણ કરવા માંડું.' ૫

પિતા બોલ્યા :

'હે પુત્ર ! બ્રહ્મચર્ય ધારણ કરીને. વેદોને ભણીને આપણાં પૂર્વજ-પિતૃઓને પાવન કરવા માટે પુત્રોને ઇચ્છવા જોઈએ; અર્થાત્ બ્રહ્મચર્ય સાથે વેદોને ભણ અને શ્રાદ્ધ માટે પુત્રોને પેદા કર. અગ્નિની સ્થાપના કરીને વિધિપૂર્વક યજ્ઞો કર અને પછી વાનપ્રસ્થ થયા બાદ મુનિ થવાની ઇચ્છા કર.' ૬

(મેધાવીનો પિતા કર્મકાંડપ્રધાન બ્રાહ્મણ-પરંપરાનો છે અને મેધાવીની આસ્થા એ કર્મકાંડપ્રધાન એવી બ્રાહ્મણ-પરંપરાથી ઊઠી ગઈ હોય એમ લાગે છે, એ ધ્યાનમાં રાખવા જેવું છે.)

પુત્ર બોલ્યો :

'સમગ્ર સંસાર આ રીતે ભારે પિસાઈ રહ્યો છે અને અનેક દુઃખોથી ઘેરાયેલો છે તથા આયુષ્યને હરવામાં સફળ એવી રાત્રીઓ વીતતી જાય છે, તેવે વખતે હે પિતા ! તમે આવું ધીરના જેવું કેમ બોલો છો; અર્થાત્ જ્યારે જગત આખું મૃત્યુના જડબામાં ફસાયેલું છે અને આધિ, વ્યાધિ તથા ઉપાધિઓથી ઘેરાયેલ છે, તેવે વખતે વેદોને ભણવાની, પુત્રોને પેદા કરવાની તથા યજ્ઞો કરવાની સલાહ શી રીતે આપો છો ? કાલની તો કોઈને ખબર નથી.' ૭

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પિતા બોલ્યા :

‘દીકરા ! આ તું શું કહે છે ? આ સંસાર કેવી રીતે પિસાઈ રહ્યો છે ? દુઃખોથી કેવી રીતે ઘેરાયેલો છે ? કઈ સફળ રાત્રીઓ વીતતી જાય છે ? જાણે કે તું શું મને બિવરાવી રહ્યો છે !’ ૮

પુત્ર બોલ્યો :

‘લોક બધા મૃત્યુથી આઘાત પામેલા છે, જરાના રોગથી ઘેરાયેલા છે અને આપણા આયુષ્યને ઘટાડનારાં આ રાતદિન ચાલ્યાં જાય છે. આ બધું હે પિતા ! તમે કેમ જાણતા નથી ? ૯

‘આયુષ્યને ગળી જનારી આ કાળરાત્રીઓ રોજ ને રોજ આવે છે અને જાય છે. વળી હું જ્યારે એ જાણું છું કે મૃત્યુ ઊભું રહેતું નથી, ૧૦

ત્યારે જ્ઞાન-સમ બખ્તરથી નહીં ઢંકાયેલો હું કેવી રીતે વાટ જોઈને બેસી રહું ? (અર્થાત્ પ્રતિક્ષણ આયુષ્ય ઘટતું રહે છે અને મૃત્યુનો ભય ઊભો જ છે, તેવે વખતે વેદોને ભણવાનું, પુત્રોને પેદા કરવાનું અને યજ્ઞો કરવાનું મને કેમ સૂઝે ?) ૧૧

‘જેમ જેમ રાતો વીતે છે, તેમ તેમ આયુષ્ય અલ્પ, અલ્પતર અને અલ્પતમ થતું રહે છે. પંડિત પુરુષે આવી સ્થિતિમાં વીતી જતા સમયને નિષ્ફળ માનવો જોઈએ. આવી દુઃખમય પરિસ્થિતિમાં કયો માણસ સુખ પામે ? ઓછા પાણીમાં જેમ માછલું તરફડે, તેમ માણસો દુઃખમાં તરફડી રહ્યાં છે. માણસની ધારેલી વાસનાઓ પૂરી નથી થતી, ત્યાં તો મનુષ્યને મૃત્યુનું તેડું આવી જાય છે. ૧૨

‘વાસનાઓમાં મનને પરોવીને માણસ હજુ ફૂલોને ચૂંટતો હોય છે, ત્યાં જ મૃત્યુ તેને ઉપાડીને ચાલતું થાય છે—જેમ વરુ ગરીબ ઘેટાને ઉપાડીને ચાલતું થાય છે તેમ. ૧૩

‘તું આજે જ તારું શ્રેય જે થાય તે કરી લે, તને આ મૃત્યુ-કાળ દબાવી ન જાય. કરવાનાં કાર્યો અણકર્યાં રહેશે અને ખરેખર તને મૃત્યુ ખેંચી જશે. ૧૪

‘આવતી કાલે કરવાનું આજે જ કરી લે, સાંજે કરવાનું બપોરે જ કરી લે. આણે પોતાનું કામ કર્યું છે કે નથી કર્યું એ રીતે મૃત્યુ કોઈની વાટ જોતું નથી. ૧૫

‘એમ કોણ જાણી શકે છે કે આજે કોનું મરણ થવાનું છે ? માટે યુવાન માણસે જ ધર્મશીલ થવું જોઈએ. જીવન અનિત્ય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'ધર્માચરણથી કીર્તિ થશે. ઉપરાંત આ લોકમાં અને પરલોકમાં પણ સુખ જ થશે. ૧૬

'મોહથી ઘેરાયેલો માનવી પુત્રો અને સ્ત્રીઓ માટે ઉદ્યત થાય છે અને કરવાનું કે ન કરવાનું કામ કરીને પણ એમને પોષણ આપે છે. ૧૭

'પુત્ર અને પશુઓની સંપતવાળા તથા વિશેષ આસક્ત મનવાળા પુરુષને, જેમ સૂતેલા હરણને વાઘ ઉપાડીને ચાલ્યો જાય છે, તેમ મૃત્યુ ઉપાડીને ચાલ્યું જાય છે. ૧૮

'મોહના ઘેનમાં પડેલા, હજુ સંચય કરવાની શરૂઆત કરતા અને વાસનાઓથી અતૃપ્ત રહેલા માનવને, જેમ વાઘ પશુને લઈને ચાલ્યો જાય છે, તેમ મૃત્યુ ઉપાડીને ચાલ્યું જાય છે. ૧૯

'આ કામ કર્યું છે, આ કામ કરવું બાકી છે અને બીજું પણ ઘણું કર્યું છે અને કરવાનું છે—એ રીતે જે માનવ અસુખમાં આસક્ત રહે છે, તેને મૃત્યુ પોતાને તાબે કરે છે. ૨૦

'જે જે કર્મો એટલે કાર્યો માણસે કરેલાં છે, તેનું ફળ હજુ તેને મળ્યું નથી; ત્યાં તો એ ખેતર, હાટ અને ઘરમાં આસક્ત થયેલા મનુષ્યને પકડીને મૃત્યુ ચાલ્યું જાય છે. ૨૧

'માણસ ભલે દૂબળો હોય કે બળવાન હોય, શૂરવીર હોય કે બીકણ હોય, જડ હોય કે કવિ-પંડિત હોય—એ બધા પોતપોતાની વાસનાઓને હજુ પૂરી ન કરી શક્યા હોય તો પણ તે બધાને ઉપાડીને મૃત્યુ ચાલ્યું જાય છે. ૨૨

'હે પિતા ! આ શરીરમાં મૃત્યુ, જરા, વ્યાધિ અને બીજાં અને દુઃખો ભરેલાં છે, છતાં તમે તદ્દન સ્વસ્થ જેવા કેમ બેઠા છો ?

'જન્મેલા પ્રાણીને જ યમરાજ ઉપાડી જાય છે, જરા ઘેરી વળે છે. મરણ અને જરાથી જગતનાં તમામ સ્થાવરજંગમ પ્રાણીઓ ઘેરાયેલાં છે. ૨૪

'જે માણસને આ ગ્રામ્ય સુખોમાં એટલે દેહ-ઇંદ્રિયોનાં સુખોમાં ચેન પડે છે, તે મૃત્યુનું જ મુખ છે અને જે માણસ એ ગ્રામ્ય સુખોને તજી દઈને અરણ્યમાં વાસ કરે છે, તે દેવોનો જ ગોષ્ઠ છે. અર્થાત્ ત્યાગ સાથેનો અરણ્યવાસ સ્વર્ગસમાન છે. ૨૫

'ગ્રામ્ય સુખોમાં જ ભરાઈ રહેવું તે એક જાતનું મોટું બંધન છે. જે સુકૃતિ મનુષ્યો છે તેઓ એ બંધનને છેદી નાખે છે અને જેઓ દુષ્કૃતિ છે તેઓ એ બંધનને છેદી શકતા નથી. ૨૬

'જે મનુષ્ય મનસા, વાચા અને કર્મણા કોઈ પ્રાણીની હિંસા નથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરતો, તેને ક્રૂરમાં ક્રૂર પ્રાણી પણ મારી શકતું નથી. ૨૭

'સત્ય વિના બીજું કોઈ પણ તત્ત્વ, સામે ધસી આવતી મૃત્યુની સેનાને રોકી શકતું નથી, માટે અસત્યને તજી દેવું જોઈએ. સત્યમાં અમૃત ભરેલું છે. ૨૮

'સત્યનો સાચો મહિમા સમજીને માનવીએ સત્યવ્રતનું આચરણ કરવું જોઈએ, સત્ય-યોગમાં તત્પર થવું જોઈએ તથા સત્યશાસ્ત્રના અનુગામી બનવું જોઈએ, દાન્ત થવું જોઈએ અને સત્ય વડે જ મરણને જીતવું જોઈએ. ૨૯

'અમૃત અને મરણ એ બન્ને આ માનવદેહમાં જ રહેલાં છે. મોહને લીધે મરણ આવે છે અને સત્યને લીધે અમૃત સાંપડે છે. ૩૦

'માટે હે પિતાજી ! હું અહિંસક બનીશ, સત્યાર્થી થઈશ, કામ અને ક્રોધને મારી મનમાંથી બહાર કાઢી મેલીશ, દુઃખ અને સુખમાં સમદૃષ્ટિ રહીશ. આ રીતે ક્ષેમવાળો થઈને અમર્ત્યની (દેવની) પેઠે હું મૃત્યુને તજી દઈશ. ૩૧

'મારો પશુયજ્ઞ કે નરયજ્ઞ નહીં હોય, હું તો શાંતિના યજ્ઞમાં તત્પર બનીશ, મારી ઇંદ્રિયો અને દેહને અંકુશમાં રાખીશ. એ રીતે બ્રહ્મયજ્ઞમાં સ્થિર એવો મુનિ થઈશ તથા પ્રણવજપનો મારો વાણીયજ્ઞ ચાલશે, ગુરુસેવા વગેરે સદનુષ્ઠાનોનો મારો કર્મયજ્ઞ ચાલશે, મનનો જય કરવાનો મારો મનોયજ્ઞ પ્રવર્તશે. એ રીતે હું દેવયાનના માર્ગમાં ચાલીશ. ૩૨

'જેમાં પશુઓને મારી નાખવામાં આવે છે એવા ઘોર હિંસક પશુયજ્ઞો વડે મારા જેવો ભાનવાળો સાવધાન થયેલો મનુષ્ય શા માટે યજ્ઞો કરે એટલે કે દેવોની પૂજા કરે ?

'એ હિંસક યજ્ઞો તો નાશવાન છે, માટે હું પિશાચની પેઠે એવા યજ્ઞો શા માટે કરું ? ૩૩

'જેના વાણી અને મન હમેશાં બરાબર સ્વસ્થ છે, જે તપ કરે છે, ત્યાગ કરે છે અને સત્યને આચરે છે, તે ખરેખર બધું જ પામે છે. ૩૪

'વિદ્યા જેવી કોઈ બીજી આંખ નથી, સત્ય-વચન જેવું કોઈ બીજું તપ નથી, રાગ જેવું બીજું કોઈ દુઃખ નથી અને ત્યાગ જેવું બીજું કોઈ સુખ નથી. ૩૫

'હે પિતાજી, હું પ્રજા વગરનો રહીશ છતાં આત્મનિષ્ઠ બનીશ, આત્મામાં જ પરાયણ રહીશ. પ્રજા મને તારી શકે એમ નથી, અર્થાત્ પુત્રોત્પત્તિથી મારું ત્રાણ થઈ શકે તેમ નથી. ૩૬

'સર્વત્ર અભેદવૃત્તિ, સમતા અને સત્ય વાણી, શીલ, સ્થિરતા,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હિંસાનો ત્યાગ અને સરળતા—એના જેવું બ્રાહ્મણનું બીજું કોઈ ધન નથી અર્થાત્ સમતા વગેરે જ બ્રાહ્મણનું ધન છે, માટે પ્રપંચવાળી પ્રવૃત્તિઓથી અટકવું એ જ ઉત્તમ છે. ૩૭

'હે બ્રાહ્મણ ! તારે ધનનું શું કામ છે ! બંધુઓનું શું કામ છે ? સ્ત્રીઓનું પણ તારે શું કામ છે ? તું મરવાનો છે.

'ગુહામાં પેઠેલો છે એવા આત્માને તું શોધ અને વિચાર કર કે તારા પિતામહો અને પિતા ક્યાં ગયા છે ? (અર્થાત્ પેલો મેધાવી પુત્ર પોતાના પિતાને કહે છે કે યજ્ઞો કરવાની, વેદો ભણવાની અને પ્રજોત્પત્તિ કરવાની તમારી સલાહ વખતસરની નથી. મૃત્યુને તરવામાં એ યજ્ઞો, એ વેદાધ્યયન કે એ પુત્રો કશી સહાયતા કરી શકતા નથી. માટે હું તો ત્યાગી થઈશ અને આત્મશોધ જ કરીશ.)'૩૮

અર્થાત્ આ પિતાપુત્રનો સંવાદ પૂરો થતાં હવે ભીષ્મ પિતામહ રાજા યુધિષ્ઠિરને કહે છે, કે "હે રાજા ! પોતાના મેધાવી પુત્રનું એ જાતનું વચન સાંભળીને જેમ પિતાએ કર્યું, અર્થાત્ જેમ પિતા આત્મનિષ્ઠ બનવા તૈયાર થયા, તેમ તું પણ સત્યધર્મપરાયણ થઈને તારું વર્તન કર." ૩૯

હવે પછી જૈન પરંપરાના આગમરૂપ ઉત્તરાધ્યયનસૂત્રમાં આવેલા ચૌદમા 'ઉસુયારિજ્જ' (ઇષુકારીય) નામના અધ્યયનમાં જે હકીકત આવે છે તેનો આ નીચે ક્રમશઃ અનુવાદ આપું છું :

એક પુરોહિત, તેના બે પુત્રો, પુરોહિતની જસા નામની પત્ની, પ્રસિદ્ધ કીર્તિવાળો ઇષુકાર નામે રાજા અને તેની રાણી કમલાવતી દેવી—એમ છ પાત્રોનો સંબંધ આ અધ્યયનમાં છે. દેવલોકના જેવા રમ્ય, પ્રખ્યાત, સમૃદ્ધિવાળા અને પુરાતન કાળથી વસેલા ઇષુકાર નામના નગરમાં એ છ જણાનો સંવાદ થયેલો છે. પુરોહિતના બંને પુત્રો જ્યારે બરાબર સમજણા એવા જુવાન થયા, ત્યારે તેમણે જુવાનીમાં જ સંસારના પ્રપંચપૂર્ણ ચક્રમાંથી દૂર થવાનો નિર્ણય કર્યો; અર્થાત્ કર્મકાંડપ્રધાન પરંપરામાં તેઓ જન્મેલા હતા છતાં તેમના કોઈક વિશિષ્ટ સંસ્કારબળને લીધે તેઓ નાનપણથી જ ત્યાગવૃત્તિ તરફ વળ્યા. તેમણે ગૃહસ્થાશ્રમ ન માંડ્યો, યજ્ઞો ન કર્યા, વેદોનું અધ્યયન પણ છોડી દીધું અને બ્રાહ્મણોને જમાડવા નહીં તેમ પોતાના પિતૃઓનું શ્રાદ્ધ પણ કરવું તેમને યુક્તિરહિત લાગ્યું.

તે બંને પુત્રોએ પોતાના પુરોહિત પિતાને જણાવ્યું, કે "હે પિતાજી ! જન્મદુઃખ, જરાદુઃખ અને મરણદુઃખ એ ત્રિવિધ દુઃખોને લીધે અમે ત્રાસી


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગયા છીએ. માટે જ આ ભિક્ષુનો શ્રમણનો-સંન્યાસીનો માર્ગ સ્વીકારવા તૈયાર થયા છીએ અને સંસારના ચક્રથી છૂટી જવા માટે અમે કામગુણોનો ત્યાગ કરીએ છીએ." ૪

જ્યારે પુરોહિતે પોતાના પુત્રોને કામભોગોથી વિરક્ત જોયા અને મોક્ષની તેમની આકાંક્ષા વધતી જોઈ, ત્યારે તેને ભારે વિષાદ થયો. વૈરાગ્યના રંગથી રંગાયેલા તે બંને પુત્રોએ પોતાની વાત પોતાના પિતાને આ પ્રમાણે કહી બતાવી : ૬

"આ સંસારનાં સુખો સ્થાયી નથી, તેમ જ તે ઘણાંઘણાં વિઘ્નોથી ભરેલાં છે.વળી અમારું આયુષ્ય પણ એટલું બધું લાંબું નથી. માટે હે પિતાજી ! અમે ગૃહસ્થાશ્રમનાં સુખને મેળવવાનો પ્રયત્ન કરવાના નથી, મુનિવ્રત આચરવાના છીએ અને એ માટે તમને પણ આમંત્રણ આપીએ છીએ." ૭

પુરોહિતને આ વાત સાંભળીને ભારે આંચકો લાગ્યો અને પોતાના પુત્રો વેદો ન ભણે, યજ્ઞો ન કરે અને ગૃહસ્થાશ્રમ માંડીને પુત્રોને પેદા ન કરે, એ બધું તેને પોતાની કર્મકાંડપ્રધાન પુરાણકાળથી ચાલી આવતી પ્રણાલિકાથી તદ્દન ઊંધું લાગ્યું. એથી પુત્રોની સાધનામાં બાધા કરવા માટે તે આ પ્રમાણે બોલ્યા :

"હે પુત્રો ! તમે આ શું બોલો છો ? જેઓ વેદવિદો છે તેઓ એમ કહે છે કે અપુત્ર મનુષ્યની સદ્ગતિ થતી નથી ('इमं वयं वेयविओ वयंति जहा न होइ असुयाण लोगो') અર્થાત્ તમે પુત્ર વિનાના રહેશો તો તમારી અસદ્ગતિ થશે એમ વેદવિદોની વાત તમારે માનવી જોઈએ. ૮

"માટે તમે વેદોને ભણો, બ્રાહ્મણોને પીરસો એટલે જમાડો અને હે પુત્રો ! ઘરમાં તમારી ગાદી ઉપર પુત્રોને બેસાડો તથા સ્ત્રીઓ સાથે ભોગોને ભોગવીને તમે અરણ્યવાસી પ્રશસ્ત એવા મુનિ થજો." ૯

પોતાના પુત્રોનો સંન્યાસ લેવાનો વિચાર જાણીને પિતા પુરોહિત શોકથી સળગી ઊઠે છે અને તેમાં મોહ તેને અધિક સતાવે છે તેથી તે વધારે દલીલ કરે છે. ૧૦

ધનની લાલચ બતાવીને અને પુત્રોત્પત્તિનું વેદવિધાન બતાવીને પુત્રોને સમજાવવા તૈયાર થયેલા પોતાના પુરોહિત પિતાને તે છોકરાઓએ આ પ્રમાણે કહ્યું : ૧૧

"હે પિતાજી ! વેદોને ભણવાથી અમારું ત્રાણ થવાનું નથી. જમાડવામાં આવેલા બ્રાહ્મણો ઊલટું અમને અંધારામાં જ લઈ જાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જન્મેલા પુત્રો પણ અમને બચાવી શકવાના નથી. તો હે પિતાજી ! તમારી એ વાતને કોણ માને ? ૧૨

"સ્ત્રીઓ સાથેના ભોગો તો ક્ષણમાત્ર માટે જ સુખકર છે, વિશેષ દુ:ખથી ભરેલા છે અને ભારે અનર્થરૂપ છે તથા મોક્ષમાર્ગમાં ભયંકર વિઘ્ન-સમાન છે. ૧૩

"ધન કમાવા માટે ધમાધમ કરતા અને એ માટે રાતદિવસ સંતાપ પામતા પુરુષને એકવખત જરા ઘેરી વળે છે અને મૃત્યુ તેની પાસે પહોંચી જાય છે. ૧૪

"આ મારું છે, આ મારું નથી, આ કરવાનું છે, આ નથી કરવાનું એવી રીતે લપલપાટ કરતા પુરુષને મૃત્યુના દૂતો આવીને ઝપાટાબંધ ઉપાડી જાય છે, માટે પ્રમાદ શા માટે કરવો ?" ૧૫

આ સાંભળીને પિતા પુરોહિત બોલ્યો : "વત્સો ! ઘરમાં ધન ઘણુંય છે, કામભોગોની સામગ્રી પણ અખૂટ છે, સ્ત્રીઓ પણ રમણીય છે. વળી જેને માટે બીજા લોકો તપ તપીતપીને મરી જાય છે, તે બધું સંસારનું ભોગસુખ તમને સહેલાઈથી મળેલું જ છે. તો પછી શા માટે ભિક્ષુ થવાનો વિચાર કરો છો ?" વળી પિતા કહે છે, કે "પુત્રો, આત્મા જ નથી. જે છે તે આ બધું પ્રત્યક્ષ જ દેખાય છે. તો તેને જ ભોગલી લ્યો, અને પરલોકને ભરોસે રહીને કોણી ઉપરનો ગોળ ચાટવા જેવું શા માટે કરો છો ?" ૧૬

આ સાંભળી પુત્રો બોલ્યા : "પિતાજી, ધર્મની સાધનામાં ધનનું શું કામ છે ? તેમ જ કામગુણોનું પણ કશું જ કામ નથી. અમે તો ગુણધારી એવા શ્રમણો થઈશું અને ભિક્ષા દ્વારા નિભાવ કરીને અરણ્યવાસી બનીશું. ૧૭

"હે પિતાજી ! જેમ અરણીના લાકડામાં અગ્નિ રહેલો છે, દૂધમાં જેમ ઘી રહેલું છે અને તલોમાં જેમ તલ રહેલું છે,તેમ આ શરીરમાં આત્મા રહેલો છે. એ આત્મા રૂપ, રસ, ગંધવાળો ન હોવાથી ઇંદ્રિયો દ્વારા સમજાતો નથી અને અમૃત હોવાથી જ તે સ્થાયી-નિત્ય છે. ખોટા સંસ્કારોને લીધે તે બંધાય છે અને એવું બંધન જ તેના સંસારનું કારણ છે. ૧૮, ૧૯

"પહેલા તો અમે ધર્મના વાસ્તવિક સ્વરૂપને સમજતા નહોતા અને તેથી જ અમે અનેક પાપકર્મો કરેલાં. પણ હવે ધર્મની ખરી સમજણ પામ્યા પછી ફરી ફરીને અમે એવાં હિંસામય અનુષ્ઠાનો કરવાનાં નથી. તમે અમને ગમે તેટલા રોકવા તૈયાર થાઓ તો પણ અમે હવે ક્ષણ પણ રોકાવાના નથી. ૨૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"સમસ્ત લોકો ભારે આઘાત પામેલા છે અને દુઃખોથી ચારે બાજુ ઘેરાયેલા છે, આ બધી રાત્રી સફળ થઈને ચાલી જાય છે, માટે હે પિતાજી, હવે અમને તમારી વાતમાં રસ રહેતો નથી." ૨૧

પિતાએ પૂછ્યું :

"લોક કોનાથી આઘાત પામેલ છે ? અને કયાં દુઃખોથી ઘેરાયેલો છે ? વળી આ રાત્રીઓ સફળ થઈને ચાલી જાય છે એ શું છે ? હે પુત્રો, તમારાં વચનથી હું ચિંતામાં પડ્યો છું, માટે મને સમજાવો." ૨૨

"પિતાજી ! લોકો મૃત્યુથી આઘાત પામેલા છે, જરાથી ઘેરાયેલા છે અને આપણું આયુષ્ય હરી લેનારી આ રાત્રીઓ—કાળરાત્રીઓ પોતાનું કામ પતાવીને ચાલી જાય છે. હે પિતાજી ! તમે આ બધું સમજો. ૨૩

"પિતાજી ! જે જે રાત ચાલી જાય છે તે કદી પાછી આવતી નથી. જે મનુષ્ય અધર્મનું આચરણ કરે છે, તેની તે રાત્રીઓ નિષ્ફળ જાય છે અને જે મનુષ્ય ધર્મનું આચરણ કરે છે, તેની તે રાત્રીઓ સફળ જાય છે. ૨૪-૨૫

"પિતાજી ! જેની સાથે મૃત્યુની ભાઈબંધી છે અથવા જે મૃત્યુથી ભાગીને છૂટી શકે છે અથવા 'હું મરવાનો નથી' એવી જેને ખાતરી છે. તે માણસ જ એમ કહે કે હું આવતી કાલે કરીશ. પિતાજી ! અમે તો આજે જ આ શ્રમણધર્મને સ્વીકારવાના છીએ, જેના આચરણથી અમે ફરી જન્મવાના નથી એવી અમને ખાતરી છે, એટલે હવે અમે રાગદ્વેષ તજી દઈને જે નક્કી કર્યું છે તે જ કરવાના છીએ." ૨૬-૨૭-૨૮

આ પછી પુરોહિત, તેની પત્ની, રાજા અને રાજાની રાણી અને પેલા બે પુરોહિત-પુત્રો છયે જણા બોધ પામીને શ્રમણધર્મને સ્વીકારે છે એ બધી હકીકત ગા. ૨૯થી ૫૩ સુધીમાં ચર્ચેલી છે.

આ લખાણને હવે આથી વધારે લાંબું ન કરવું જોઈએ એ દૃષ્ટિથી અહીં મહાભારતના અને ઉત્તરાધ્યયન સૂત્રના તમામ શ્લોકો આ નીચે નથી આપવામાં આવતા, પરંતુ એ બે વચ્ચે જે અસાધારણ સમાનતા છે તે ઉપરના અનુવાદથી જણાઈ આવે છે. માટે આ નીચે તે બંને ગ્રંથોનાં એવાં જ પદ્યો આપું છું જેમની વચ્ચે શબ્દરચનાની દૃષ્ટિએ પણ અસાધારણ સમાનતા છે :

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| મહાભારત | ઉત્તમધ્યનસૂત્ર |
|---|---|
| પિતાનું વચન | પિતાનું વચન |
| वेदानधीत्य ब्रह्मचर्येन पुत्र | अहिज्ज वेदा परिविस्स विप्पे |
| पुत्रानिच्छेत् पावनार्थं पितृणाम् । | पुत्ते परिट्टप्प गिहंसि जाया ॥ |
| अग्निनाधाय विधिवश्चेष्टयज्ञो | भोच्चाण भोए सह इत्थियाहिं |
| वनं प्रविश्याथ मुनिर्बुभूषेत् ॥ | आरण्णगा होह मुणी पसत्था ॥ |
| પુત્રનું વચન | પુત્રનું વચન |
| एवमभ्याहते लोके समन्तात् | आब्भाहयम्मि लोगम्मि सव्वओ |
| परिवारिते | परिवारिए ॥ |
| अमोघासु पतन्तीषु किं धीर | अमोहाहिं पडन्तीहिं गिहंसिन |
| इव भाषसे ॥ | रइं लभे ॥ |
| પિતાનું વચન | પિતાનું વચન |
| कथमभ्याहतो लोकः केन | केण अब्भाहओ लोगो केण वा |
| वा परिवारितः | परिवारिओ । |
| अमोघाः काः पतन्तीह | का वा अमोहा वुत्ता जाया ! |
| किंनु भीषयसीवमाम् ॥ | चिंतावरो हु मे॥ |
| પુત્રનું વચન | પુત્રનું વચન |
| मृत्युनाऽभ्याहतो लोको | मच्चुणाऽब्भाहओ लोगो जराए |
| जरया परिवारितः | परिवारिओ । |
| अहोरात्राः पतन्त्येते ननु | अमोहा रयणी वुत्ता एवं ताय ! |
| कस्मान्न बुध्यसे ॥ | वियाणह ॥ |
| પુત્રનું વચન | પુત્રનું વચન |
| यदाहमेतज्जानामि न मृत्यु- | जत्सऽत्थि मच्चुणा सक्खं जस्स अत्थि |
| स्तिष्ठतीति ह । | पलायणं । |
| सोऽहं कथं प्रतीक्षिष्ये | जो जाणइ न मरिस्सामि सो हु कंखे |
| ज्ञानेनाऽपि हितैश्चरन् ॥ | सुए सिया ॥ |
| आत्मन्येव भविष्यामि न | जायाय पुत्ता न हवंति तानं कीणाम ते |
| मां तारयति प्रजा | अणुमन्नेज्ज एयं ॥ |
| મહા૦ શાંતિપર્વ- | ઉત્તરાધ્યયનસૂત્ર, ઇષુકારીય-અધ્યયન |
| મોક્ષધર્મપર્વ અ૦ ૧૭૫ | ચૌદમું |
| પૃ૦ ૩૦૦ | |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org